# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૫/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બરમાં ટેક્ષ્ટાઇલ વીક અંતર્ગત 'ઓનલાઇન માર્કેટીંગ એન્ડ ગારમેન્ટીંગ ન્યુ ગ્રોથ એન્જીન ઓફ સુરત ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી' વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ વીક અંતર્ગત મંગળવારે, તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'ઓનલાઇન માર્કેટીગ એન્ડ ગારમેન્ટીગ ન્યુ ગ્રોથ એન્જીન ઓફ સુરત ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રી' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાત વકતા તરીકે એપ્પલ ગૃપના શ્રી અંબરીશ મિયાની, વારંગા ગૃપના શ્રી શ્રીકાંત ચાંડક અને કૃપાલી ફેશનના શ્રી વિજય પટેલે સુરતના કાપડ ઉદ્યોગના વિકાસમાં ઓનલાઇન માર્કેટીગના માધ્યમથી ગારમેન્ટ સેકટર કઈ રીતે મહત્વની ભૂમિકા અદા કરશે તે અંગે મહત્વનુ માર્ગદર્શન આપ્યુ હતુ.

જીએફઆરઆરસીના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીની બ્રાન્ડ ઇમેજ બને તે માટે છેલ્લાં પાંચ વર્ષથી જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ વીકનુ આયોજન કરવામાં આવે છે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને નવી દિશા આપવા માટે નવી એકટીવિટી કરવામાં આવે છે. જેના ભાગરૂપે યાર્ન એક્ષ્પોનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નવી પ્રોડકટને વર્લ્ડ લેવલ પર કોમ્પીટ કરવા માટે પ્રદર્શિત કરવામાં આવી હતી.

સેમિનારમાં ચીફ ગેસ્ટ તરીકે પધારેલા ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રાજેન્દ્ર ચોખાવાલાએ જણાવ્યુ હતુ કે, સુરતમાં સારુ ફેબ્રિક બને છે અને તેને બ્રાન્ડ બનાવવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે. હવે ગારમેન્ટીગનો

આખો ટ્રેન્ડ બદલાઇ ગયો છે. વેલ્યુ એડીશનમાં આપણે જે માત્રામાં જવાનુ હતુ તે હજી જઇ શકયા નથી. બિઝનેસને ડેવલપ કરવા માટે માર્કેટીગ સૌથી અગત્યનું પરીબળ છે.

વકતા શ્રી અંબરીશ મિયાનીએ ઇ કોમર્સમાં બિઝનેસના ગ્રોથ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે હાલ એક અંદાજ મુજબ ભારતમાં ૪૮ કરોડ લોકો મોબાઇલમાં ઇન્ટરનેટ વાપરે છે. આ સંખ્યા વર્ષ ૨૦૨૨ સુધીમાં વધીને ૮૨ કરોડ થઇ જશે. ભારતીય સંસ્કૃતિમાં વૈવિધ્યતા હોવાથી દરેક પ્રકારના કપડાની જરૂરિયાત રહેવાની જ છે. તે માટે વિવિધ ગારમેન્ટની માંગણી રહેશે. ભારતમાં પોપ્યુલેશન છે અને દેશનો વિકાસ પણ થઇ રહયો છે. આથી અન્ય દેશોના ઉદ્યોગપતિઓ પણ ભારતમાં રોકાણ કરી રહયા છે. જેથી ડિમાન્ડ વધવાની જ છે. આ ઉપરાંત ઘણી કંપનીઓ ઇ કોમર્સમાં સ્ટાર્ટઅપ કરી રહી છે. સરકારની પોલીસી પણ ડિજીટલ ઇન્ડીયા અંતર્ગત સપોર્ટ કરી રહી છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ઓનલાઇન માર્કેટીગ હજી ૩૦ ટકા વધી જવાની સંભાવના છે.

વકતા શ્રી શ્રીકાંત ચાંડકે ઇ કોમર્સના માધ્યમથી પ્રોડકટના પ્રમોશન તેમજ તેમાં રહેલી ચેલેન્જીસ અને તેના સોલ્યુશન વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે બીટુસી, બીટુબી, સીટુસી અને એમ–કોમર્સના માધ્યમથી ઓનલાઇન પ્રોડકટનો બિઝનેસ થાય છે. ૨૫ ટકા લોકો મોબાઇલથી પ્રોડકટ્સના ઓર્ડર આપે છે. ઇ કોમર્સમાં કોમ્પીટીશનની સાથે સાથે ઘણી ચેલેન્જીસ પણ છે. જેવી કે લોકો બેને બદલે દસ પ્રોડકટ મંગાવે છે અને બાદમાં આઠ પ્રોડકટ પરત મોકલી આપે છે. આ ચેલેન્જીસને નાથવા માટે એકસકલુઝીવ કવોલિટીના કપડા બનાવી સમયસર તેની ડિલીવરી કરવાની રહેશે. આ ઉપરાંત તેના બ્રાન્ડીગ ઉપર ફોકસ કરવાનુ રહેશે. સૌથી અગત્યની બાબત કે સારા કવોલિટીના પ્રોડકટ સ્ટોક આઉટ થઇ જાય છે. આથી સ્ટોકને સતત મેન્ટેન કરવો પડે છે. ફેશન ઓનલાઇન માર્કેટમાં સૌથી મહત્વનો ભાગ ભજવે છે.

વકતા શ્રી વિજય પટેલે જણાવ્યુ હતુ કે, ફેશન ડિઝાઇનીગમાં ક્રિએશન ઓન ટાઇમ કેવુ આપવામાં આવે છે તે મહત્વનું હોય છે. કોસ્ટ બીજા ક્રમે આવે છે. આથી સુરતને રેડીમેડ ગારમેન્ટ માટે માઇન્ડ સેટ બદલવાની જરૂર છે. સુરતમાં ફેબ્રિક સારુ બને છે અને લેબર પણ સારુ છે. ડિઝાઇનર છે પણ તેઓને સ્કીલ્ડ કરવાની જરૂર છે. નવી પેઢી પોશાક માટે રાહ જોતી નથી. તેઓને તુરંત જ કપડા જોઇતા હોય છે. એટલે સુરતમાં રેડીમેડ ગારમેન્ટનો ટ્રેન્ડ વધી રહયો છે. એના માટે ફેશનની સાથે ચાલવુ પડશે. વિચાર આવે એટલે એને તુરંત જ અમલમાં લાવવો પડે તો જ ફેશનમાં ટકી શકાય છે. ટૂંકમાં કહીએ તો સુરતમાં ગારમેન્ટ બનાવવા માટે સારુ અને અનુકુળ વાતાવરણ રહેલુ છે.

સેમિનારમાં જીએફઆરઆરસીના સભ્ય શ્રી ઉમેશ ક્રિષ્ણાનીએ પ્રાસંગિક વિધી કરી હતી. ત્રણેય વકતાઓએ કાપડ વેપારીઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી પ્રફુલ શાહે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનુ સમાપન થયુ હતુ.